### આણંદમાં કમોસમી વરસાદના પગલે રવિ પાકના વાવેતરમાં મોડું થયું

# આણંદમાં છેલ્લા 15 દિવસમાં 20 હજાર હેક્ટર જમીનમાં રવિ પાકનુ વાવેતર થયું

**અગાઉ કમોસમી** વરસાદના કારણે ઘઉં, ચણા, રાઈ વગેરે ખેતી પાકોનું પાછોતરું વાવેતર કરવાની ખેડૂતોને ફરજ પડી

(પ્રતિનિધિ) આણંદ તા 6

રવિ સિઝનમાં પાછોતરા વાવેતર દરમિયાન આણંદ જિલ્લામાં 20 હજારથી વધુ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં સમગ્ર જીલ્લામાં 50 ટકાથી વધુનું વાવેતર તો ઘઉંનું જ થયું છે. રવિ સિઝનમાં ઘઉં, રાઈ, તમાકુ વગેરે ખેતીપાકોનું વાવેતર કામ ડિસેમ્બર માસના પ્રારંભ સુધીમાં પૂર્ણ થઈ જતું હોય છે. પરંતુ આ વર્ષે કમોસમી વરસાદે ખેતીપાકની લણણી અને વાવણીના કામને માઠી અસર કરી છે. કમોસમી વરસાદના કારણે ડાંગરના તૈયાર થયેલ પાકને ઘર અને બજાર સુધી પહોંચાડવામાં ખાસ્સો વિલંબ થયો છે. ડાંગરનો પાક લેવામાં વિલંબ થતાં ઘઉં, રાઈ, તમાકુ, શાકભાજી, ચણા વગેરે



ખેતીપાકોનું વાવેતર કરવામાં પણ ખેડૂતો મોડા પડયા છે. જોકે સમગ્ર જીલ્લામાં ઘાસચારો તથા અન્ય ધાન્ય ખેતી પાકોનું વાવેતર કરાયું હતું અને પંદર દિવસ બાદ આ વાવેતર વિસ્તારના આંકડામાં 20 હજારથી વધુ હેક્ટર જમીનનો વધારો નોંધાયો છે તેમાં ઘઉં, રાઈ, ચણા, તમાકુ, બટાટા, શાકભાજી, હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું છે . પાકોનો સમાવેશ થાય છે. છેલ્લા પંદર દિવસમાં આણંદ જિલ્લામાં 20 હજારથી વધુ થયેલ વાવેતર કમોસમી વરસાદના કારણે ઘઉં, ચણા, રાઈ વગેરે ખેતી પાકોનું પાછોતરું વાવેતર કરવાની ખેડૂતોને ફરજ પડી છે અને ડિસેમ્બર માસના અંત સુધી આણદં જિલ્લામાં વાવેતરનું કામ ચાલુ રહ્યું હોવાનું ખેડૂતો દ્વારા જાણવા મળેલ છે.

આણંદ ખેતીવાડી વિભાગમાંથી મળતા વાવેતરના આંકડા મુજબ છેલ્લા પંદરેક દિવસ દરમિયાન વધુ 20 હજાર હેક્ટર જમીનમાં વિવિધ રવિ પાકનુ વાવેતર કરવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે ડિસેમ્બર માસમાં વિવિધ ખેતી પાકોનું વાવેતર આણંદ જિલ્લામાં પૂર્ણ થયું છે. જે અગાઉ નવેમ્બર માસમાં વાવેતર પૂર્ણ થતું હતું. પરંતુ દીવાળી બાદ કમોસમી વરસાદથી રવિપાકનુ વાવેતર કરવામાં ખેડુતોની ઘણા દિવસો સુધી રાહ જોવી પડી હતી.

### જ્ઞાનના મંદિરમાં જાળવણીના અભાવે છવાયો અંધકાર

# ખાનપુરના બાકોરનું સરકારી પુસ્તકાલય ખખડધજ બન્યું

**વર્ષોથી ઇમારત** જર્જરિત હાલતમાં હોવાથી ગ્રામજનો રોષ

(પ્રતિનિધિ) ખાનપુર તા.6

ખાનપુર તાલુકાના બાકોર ગામમાં પોસ્ટ ઓફિસ પાસે આવેલું સરકારી જાહેર વાંચનાલય (પુસ્તકાલય) હાલ અત્યંત ગંભીર અને જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યું છે. વર્ષોથી યોગ્ય જાળવણીના અભાવે આ ઈમારત ખંડેર જેવી બની ગઈ છે, જેના કારણે સ્થાનિક જનતા અને ખાસ કરીને વિદ્યાર્થીઓને વાંચન જેવી પાયાની સુવિધાથી વંચિત રહેવું પડી રહ્યું છે.



આ અંગે બાકોર ગામના જાગૃત નાગરિક કમલભાઈ ચૌધરી અને અન્ય સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, જો આ પુસ્તકાલયને ફરીથી શરૂ કરવામાં આવે તો ગામના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એક શાંત અને વ્યવસ્થિત સ્થળ મળી શકે તેમ છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો માટે આ પુસ્તકાલય ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે, કારણ કે યોગ્ય વાંચન સામગ્રી અને સુવિધાના અભાવે તેઓને મુશ્કેલી પડી રહી છે. આ પુસ્તકાલય માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, પણ સામાન્ય જનતા માટે પણ વાંચન અને જ્ઞાન મેળવવાનું મહત્વનું કેન્દ્ર બની શકે છે. હાલ આ ઈમારતની દયનીય સ્થિતિને જોતા, ગામજનો દ્વારા સંબંધિત વિભાગ અને સત્તાધીશોને તાકીદે વિનંતી કરવામાં આવી છે કે પુસ્તકાલયની મરામત કરાવી તેને ફરી કાર્યરત કરવામાં આવે. બાકોર ગામના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતા આ સુવિધાનો લાભ લઈ શકે તે હેતુથી વહીવટીતંત્ર વહેલી તકે સક્રિય થાય તેવી માંગ ઉઠી છે.

# કપડવંજમાં વિઝા એજન્ટને 1 વર્ષ કેદની સજા ફટકારી

**કેનેડા મોકલવાના** બહાને લીધેલી રકમ પરત કરી ન હતી

(પ્રતિનિધિ) કપડવંજ તા.6

કપડવંજની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે રૂ.35.57 લાખના ચેક રિટર્ન કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે જ ન્યાયાધીશ બી.એમ. પરમાર દ્વારા આરોપીને લેણી રકમ 9 ટકાના વાર્ષિક વ્યાજ સાથે ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.

નડિયાદના રહેવાસી ભાવેશ પ્રભુદાસભાઈ દરજીએ તેમના પુત્રને ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા મોકલવા વિઝા કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હિતેશ નગીનભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. એજન્ટ હિતેશે કુલ રૂ. 72.74 લાખની માંગણી કરી હતી. જેમાંથી ફરિયાદીએ રૂ.40.57 લાખ ચૂકવ્યા હતા. જોકે, વિઝા રિજેક્ટ થતા ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી હતી. આ રકમ પેટે હિતેશ પટેલે રૂ.35,57,827નો ચેક આપ્યો હતો અને વિશ્વાસ આપ્યો હતો કે ચેક જમા કરાવતા નાણાં મળી જશે. જોકે, આ ચેક બેંકમાં રજૂ કર્યો ત્યારે અપૂરતા ભંડોળના શેરા સાથે ચેક પરત ફર્યો હતો. કાયદેસરની નોટીસ આપવા છતાં રકમ ન ચૂકવાતા મામલો કપડવંજ કોર્ટમાં પહોંચ્યો હતો. ફરિયાદી પક્ષના વકીલ રવિ રશ્મિકાંત ત્રિવેદીએ રજૂ કરેલા પુરાવા અને ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી હિતેશ પટેલને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવી સજાનો હુકમ કર્યો હતો.

### નિયમોની અજ્ઞાનતાને કારણે અધિકારી ક્ષોભજનક સ્થિતિમાં મુકાયાં

# મેડિકલ ઓફિસરે તલાટીઓને કૂતરા પકડવા આદેશ આપતા રોષ ભડક્યો

**તલાટીઓએ કૂતરા** પકડવાને બદલે મેડિકલ ઓફિસરને નિયમોનું ભાન કરાવ્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.6

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં વહીવટી તંત્રના બે વિભાગો વચ્ચે પત્રવ્યવહારને લઈને એક વિચિત્ર અને હાસ્યાસ્પદ કહી શકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાથીવન આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરે નિયમોની પૂરી જાણકારી વગર જ તલાટીઓને કૂતરા પકડવાનો લેખિત આદેશ આપતા સમગ્ર જિલ્લાના સરકારી વર્તુળોમાં આ વિષય રમુજ અને ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

મહીસાગરના હાથીવનના મેડિકલ ઓફિસર દ્વારા ઝયડી અને ધામણીયા ગામના તલાટી-કમ-મંત્રીઓને એક પત્ર પાઠવવામાં આવ્યો હતો. આ પત્રમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો હવાલો આપીને જણાવાયું હતું કે, શૈક્ષણિક અને આરોગ્ય સંસ્થાઓમાં રખડતા કૂતરાઓનો ત્રાસ વધી રહ્યો છે, તેથી તલાટીઓએ તાત્કાલિક આ કૂતરાઓને પકડવાની અને દૂર કરવાની કામગીરી કરવી. આ પત્ર તલાટીઓ પાસે પહોંચ્યો, ત્યારે તેમણે કૂતરા પકડવાને બદલે મેડિકલ ઓફિસરને અધિક વિકાસ કમિશનરનો અગાઉનો સ્પષ્ટ પત્ર રજૂ કરી નિયમોનું ભાન કરાવ્યું હતું.

નિયમ મુજબ, તલાટી-કમ-મંત્રીઓએ કૂતરા પકડવાની કોઈ કામગીરી કરવાની હોતી નથી. તેમની જવાબદારી માત્ર સંસ્થાઓમાં કૂતરાઓને અટકાવવા માટે કમ્પાઉન્ડ વોલ કે ગેટ જેવી સુવિધાઓ છે કે નહીં તેની ચકાસણી કરવાની અને તેનો રિપોર્ટ માત્ર તાલુકા નોડલ ઓફિસરને કરવાની હોય છે.

મહત્વની વાત એ છે કે, અધિક વિકાસ કમિશનરે અગાઉ જ કૂતરા પકડવા બાબતે તલાટીઓને અપાતા આવા આદેશોને રદ કરેલા છે.

મેડિકલ ઓફિસરે પૂરતા હોમવર્ક વગર પત્ર લખી નાખતા હવે સરકારી રેકોર્ડ પર ચડી ગયેલા આ પત્રનો નિકાલ કેવી રીતે કરવો તે તેમના માટે મૂંઝવણનો વિષય બન્યો છે. વહીવટી આલમમાં આ 'કાગળની રમત' હાલ ભારે ચર્ચામાં છે અને મેડિકલ ઓફિસરની અધૂરી જાણકારીને કારણે તંત્રમાં રમુજ ફેલાઈ છે. અલબત્ત, ઉતાવળે લીધેલા નિર્ણયથી બચાવ કરવો પડ્યો હતો. આ મુદ્દો લુણાવાડા આરોગ્ય વિભાગમાં પણ ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.

# પાનપાર્લર પરથી ગોગો પેપર સાથે બે પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા. 6

આણંદ અને બાલાસિનોર પંથકમાં યુવાઓને નશાના રવાડે ચઢાવતા કાળા કારોબારીઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. પાન અને ચાની કેબિનો પર ચાલતી 'ગોગો પેપર'ની નશાખોરી પર ત્રાટકેલી પોલીસે બાતમીના આધારે બે અલગ-અલગ સ્થળોએ રેડ પાડીને પ્રતિબંધિત નશીલી સામગ્રી ઝડપી પાડી છે.

ખંભોળજ પોલીસને ગોગો પેપરના વેચાણ અંગે બાતમી મળી હતી, જેના આધારે સારસા ચોકડીએ આવેલા 'ભૈરૂનાથ રજવાડી ચા તથા પાન પાર્લર'માં તપાસ કરવામાં આવી હતી. પોલીસે અહીંથી જતીન શાંતિલાલ નામના શખ્સની ધરપકડ કરી હતી. દુકાનની જડતી લેતા 106 નંગ કોકો પ્રિ-રોલ્ડ કોન અને 9 નંગ કોકો પ્રીમિયમ ક્વોલિટી પેપર મળી આવ્યા હતા. પોલીસે રૂ. 1,680નો મુદ્દામાલ કબજે કરી ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે.

બાલાસિનોર ટાઉન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે સર્વોદય હોસ્પિટલની સામે આવેલા 'સર્વોદય પોઈન્ટ' નામના પાન પાર્લર પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન દુકાન પર હાજર સબ્બીરભાઈ ઈબ્રાહિમભાઈ શેખને પોલીસે દબોચી લીધો હતો. પોલીસની તપાસમાં દુકાનમાંથી 56 નંગ ગોગો પેપર, 500 સ્મોકિંગ રોલ, 700 પરફેક્ટ રોલ અને 28 ફિલ્ટર પેપર મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. 12,540નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજની વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના 50 દિવ્યાંગ બાળકોને સ્વેટર વિતરણ



**કપડવંજ** | શહેરના વીએસ ગાધી ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે મૂળ કપડવંજના હાલ વડોદરા સ્થિત ડો.મેઘા તથા ડો. આકાશ કુમાર કે જેઓ આગામી ફેબ્રુઆરી માસમાં લગ્નગ્રંથિથી જોડાવાના છે. જે સંદર્ભે સંસ્થાના શારદા સંકુલ ખાતે હાજર રહી તેમના તરફથી 50 દિવ્યાંગ બાળકોને સ્વેટરનું વિતરણ તથા સ્વરૂચી ભોજન આપવામાં આવ્યું હતું. આ સાથે સંસ્થાની પ્રવૃત્તિઓ નિહાળી હતી. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી ડો. એચ. એચ. કુંડલીયા હાજર રહી સંસ્થા પરીવાર વતી આગામી લગ્ન નિમિત્તે શુભેચ્છા આપી હતી.

### નડિયાદના ડુમરાલ સ્થિત ગોકુલધામ સોસાયટીમાં ભવ્ય 'શિયાળુ રમતોત્સવ' યોજાયો



**નડિયાદ** | નડિયાદના ડુમરાલ સ્થિત ગોકુલધામ સોસાયટીમાં બાળકો અને વડીલોના શારીરિક-માનસિક વિકાસ માટે 50થી વધુ વિવિધ રમતો સાથેના 'શિયાળુ રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં સોસાયટીના 200થી વધુ વડીલો, મહિલાઓ અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેલદિલી, એકાગ્રતા અને બહાદુરી જેવા ગુણોનો પરિચય આપ્યો હતો. જેમાં સોસાયટીના યુવક મંડળ દ્વારા રચનાત્મક રીતે આયોજિત આ કાર્યક્રમમાં રમતગમતની સાથે સંસ્કૃતિના જતન અને સામાજિક સમરસતાના મૂલ્યો શીખવવામાં આવ્યાં હતાં. સોસાયટીના જ વ્યવસાયીઓના સહયોગથી આયોજિત આ ઉત્સવમાં સમૂહભોજન અને ઇનામ વિતરણ સાથે 88 પરિવારોએ હળીમળીને એકતાના દર્શન કરાવ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### માતર તાલુકાના લીંબાસીની શ્યામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'આનંદ મેળો' સંપન્ન



**માતર** | તાલુકાના લીંબાસી સ્થિત શ્યામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ગેમ, સેલ્ફી અને ફૂડ ઝોન જેવા આકર્ષણો સાથે ભવ્ય 'આનંદ મેળો' ઉજવાયો, જેમાં પાંચ હજારથી વધુ લોકો ઉમટી પડ્યા હતાં. આ પ્રસંગે ફિલ્મ કલાકાર જીગ્નેશ મોદીની ઉપસ્થિતિમાં 700થી વધુ વિદ્યાર્થીઓએ 40 જેટલા ફૂડ સ્ટોલ અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ડાન્સ, કરાટે અને આર્ચરીના શાનદાર પર્ફોર્મન્સ રજૂ કરીને સમગ્ર પંથકમાં શિક્ષણ જગતનો નવો ઇતિહાસ રચ્યો હતો. જેમાં શાળાના ટ્રસ્ટીગણ અને પ્રિન્સિપાલના માર્ગદર્શન હેઠળ શિક્ષકોના સહકારથી આ આયોજન સફળ રહ્યું હતું. અને અંતે ડાયરેક્ટર વિશાલ સરે સૌનો આભાર માન્યો હતો.

### કઠલાલ ખાતે પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત કૃષિ સખીઓની રિવ્યુ બેઠક યોજાઇ



**કઠલાલ** | કઠલાલ ખાતે પ્રોજેક્ટ ડાયરેક્ટર સી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ સખીઓ અને કોમ્યુનિટી રિસોર્સ પર્સનની કામગીરીની સમીક્ષા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય સ્તરે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવો અને ખેડૂતોને ઝેરમુક્ત ખેતી તરફ વાળી ખેતી ખર્ચ ઘટાડી જમીનની ફળદ્રુપતા વધારવાનો છે. તેઓએ છેવાડાના ખેડૂતો સુધી પહોંચીને જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવા પ્રાકૃતિક આયામોનો ઉપયોગ વધે તે માટે સક્રિય ભૂમિકા ભજવવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા અને બ્લોકના અધિકારીઓએ ઉપસ્થિત રહી ફિલ્ડ લેવલની કામગીરીની સમીક્ષા કરી અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કપડવંજમાં સુવર્ણકૃપા જ્વેલર્સ દ્વારા મેગા ડ્રોમાં 101 ઇનામો જાહેર કરવામાં આવ્યાં



**કપડવંજ** | કપડવંજ શહેરમાં સુવર્ણકૃપા જ્વેલસ પ્રા.લિ. દ્વારા આયોજિત મેગા ડ્રોમાં નગરજનોના ભારે ઉત્સાહ વચ્ચે લાખો રૂપિયાના કુલ 101 ઇનામોની વરસાત કરવામાં આવી હતી. આ ડ્રોના મુખ્ય આકર્ષણ એવા પ્રથમ ઇનામ તરીકે પાયલબેન વ્યાસને રોયલ એનફિલ્ડ હન્ટર 350 બાઈક તથા અન્ય વિજેતાઓને રેફ્રિજરેટર, વોશિંગ મશીન અને એલઈડી ટીવી જેવા ઇનામો એનાયત કરાયા હતા. જેમાં મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં ઇનામો વહેંચાયાં હતાં.

### ખેડા-નડીયાદ જિલ્લા પોલીસ પરિવારના 56 તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



**નડિયાદ** | ખેડા-નડીયાદ જિલ્લા પોલીસ દ્વારા ધોરણ-6થી 12 અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં ઉત્કૃષ્ટ ગુણ મેળવનારા 56 તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને પ્રશંસાપત્ર અને પોલીસ વેલ્ફેર ફંડમાંથી રોકડ ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ સમારોહનો મુખ્ય હેતુ પોલીસ પરિવારના વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે પ્રેરણા વધારવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે યોગ્ય ઉત્સાહ પૂરો પાડવાનો રહ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વરિષ્ઠ અધિકારીઓ અને પરિવારજનોએ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને હૃદયપૂર્વક બિરદાવી હતી.

### વુમન્સ પ્રીમિયર લીગ 2026માં સિમેન્સે પાર્ટનર તરીકે જોડાઈ 50મી વર્ષગાંઠ ઉજવી

**વડોદરા** | વેલસ્પન વર્લ્ડનો ભાગ એવી સિન્ટેક્સ BAPL કંપનીએ વુમન્સ પ્રીમિયર લીગ (WPL) 2026 માટે પ્રીમિયર પાર્ટનર તરીકે જોડાવાની જાહેરાત કરી છે. આ ભાગીદારી દ્વારા કંપની ભારતીય બજારમાં પોતાની વિશ્વસનીયતાના 50 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરશે. આ જોડાણ અંતર્ગત મેદાન અને પ્રસારણ માધ્યમો પર વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ક્રિકેટ ચાહકો સાથે સંવાદ સ્થાપિત કરવામાં આવશે. વેલસ્પન BAPLના મેનેજિંગ ડિરેક્ટર યશોવર્ધન અગરવાલે જણાવ્યું કે, મહિલા ક્રિકેટ સમાનતા અને સમાવેશકતાનું પ્રતીક છે. આ ઉજવણીના ભાગરૂપે, દરેક મેચમાં જ્યારે પ્રથમ ટીમ 50 રન પૂરા કરશે, ત્યારે ખાસ કોમેન્ટેટર સંકેત દ્વારા સિન્ટેક્સના 50 વર્ષના વારસાને યાદ કરવામાં આવશે. વધુમાં, કંપની આ પ્રસંગે 50 વર્ષની વોરંટી સાથે નવી અદ્યતન પાણી સંગ્રહ ટાંકી પણ લોન્ચ કરવાની તૈયારીમાં છે, જે સ્વચ્છતા અને ટકાઉપણાના નવા ધોરણો સ્થાપિત કરશે. જેમ ક્રિકેટના મેદાનમાં એક મજબૂત ભાગીદારી જીતનો પાયો નાખે છે, તેમ સિન્ટેક્સનું આ જોડાણ પાંચ દાયકાના વિશ્વાસ અને રમતગમતના ઉત્સાહને એકસાથે લાવી રહ્યું છે.

### હેમેન્દ્રભાઈ તેલી પ્રેરિત વરિષ્ઠ નાગરિક મિત્ર વર્તુળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ ખાતે અમેરિકા સ્થિત હેમેન્દ્રભાઈ તેલીની પ્રેરક ઉપસ્થિતિમાં વરિષ્ઠ નાગરિકો માટે જન્મદિનની ઉજવણી, વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના પ્રમુખ ડો. હરિશ કુંડલીયા અને નીલાબેન પંડ્યાના સાનિધ્યમાં હેમેન્દ્રભાઈએ પોતાના ભૂતપૂર્વ શિક્ષકોનું સન્માન કરી વડીલો સાથે વિવિધ પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લઈ સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં મંડળના હોદ્દેદારો રસિકભાઈ પટેલ, ગોપાલભાઈ શાહ અને અનંતભાઈ શાહે વડીલોનો ઉત્સાહ વધાર્યો હતો.

### કપડવંજના નક્ષ બારોટે ગિટાર વાદનમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલના ધોરણ 7માં અભ્યાસ કરતા નક્ષ ભાવિનભાઈ બારોટે ગુજરાત રાજ્ય કક્ષાની ગિટાર સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. આ ભવ્ય સિદ્ધિ બદલ શં. હ. શાહ સાંસ્કૃતિક કેન્દ્રના કલા ગુરુ પારસ ભટ્ટ તથા શાળાના આચાર્ય પૌરવભાઈ પટેલ અને વનરાજસિંહ દ્વારા નક્ષને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. નક્ષની આ અપ્રતિમ સફળતાથી સમગ્ર કપડવંજ કેળવણી મંડળ પરિવાર અને શાળામાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. પોતાની કલા દ્વારા રાજ્ય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરી નક્ષે કપડવંજ શહેર અને સંસ્થાનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યું છે.

### કપડવંજમાં સવાસો પરગણા વણકર સમાજની ત્રીજી કારોબારી સભા સંપન્ન



**કપડવંજ** | કપડવંજ સ્થિત સમાજ ભવન ખાતે સવાસો પરગણા વણકર સમાજ સેવા પ્રગતિ મંડળની ત્રીજી કારોબારી સભાનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી મનુભાઈ જે. વણકરે સ્વાગત પ્રવચન અને પ્રોસિડિંગ વાંચન કર્યા બાદ, ઉપસ્થિત હોદ્દેદારોએ સમાજ ભવન અને છાત્રાલયના વિકાસલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકમાં સમાજ માટે દાન-ફાળો એકત્રિત કરવા અને છાત્રાલયની સુવિધાઓમાં જરૂરી સુધારા-વધારા કરવા જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. મંડળના પ્રમુખ રાજેન્દ્રભાઈ ડી. પરમારે મીટિંગના સફળ સંચાલન બદલ તમામ સભ્યોનો આભાર માની સમાજલક્ષી કાર્યોમાં સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

### આણંદ કલેક્ટરે મોરડ પ્રા. શાળાની મુલાકાત લઇ બાળકો સાથે બેસીને ભોજન લીધું



**પેટલાદ** | પેટલાદના મોરડ ગામની પ્રાથમિક શાળામાં આણંદ કલેક્ટરે આકસ્મિક મુલાકાત લઈ બાળકો સાથે હરોળમાં બેસીને મધ્યાહન ભોજન ગ્રહણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેઓએ બાળકોના શિક્ષણ, શિસ્ત અને સંસ્કારની જીવંત ચકાસણી કરી શિક્ષકોની સરાહનીય કામગીરીને બિરદાવી હતી. કલેક્ટરે બાળકો સાથે સીધો સંવાદ કરી, રમત-ગમત અને મોજ-મસ્તી દ્વારા શાળાના વાતાવરણને આનંદમય બનાવ્યું હતું. આ શાળાના ઇન્ચાર્જ આચાર્ય અને સરપંચને અભિનંદન પાઠવી, તેઓએ આગામી સમયમાં ફરીથી પ્રાર્થના સંમેલનમાં પધારવાની ખાતરી આપી હતી.